


ગ્રંથરાજ શ્રીહરિચરિત્રામૃતસાગર

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા સંચાલિત
બાળ-યુવા પ્રવૃત્તિ અંતર્ગત

શ્રીહરિચરિત્રામૃત

# સાગરજ્ઞાન પરીક્ષા કોર્ષ – ૨૦૧૮

પ્રેરક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી (કુંડળધામ)

(પૂર–૨૪ થી ૨૯ )



૧૯૦. ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય અને ભક્તિ ક્યા રહે છે ?

જ. જ્યાં મર્યાદા અને નિયમ રહે છે ત્યાં સહજપણે ધર્મ રહે છે અને જ્યાં ધર્મ રહે છે ત્યાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ રહે છે.

૧૯૧. કળિયુગમાં જીવના ઉદ્ધારની સરળ રીત કઈ છે ?

જ. ભગવાનનું નામ સંકીર્તન કળિયુગમાં જીવના ઉદ્ધારની સરળ રીત છે.

૧૯૨. જ્ઞાનમાત્રનું જીવન કોણ છે ?

જ. જ્ઞાનમાત્રનું જીવન શ્રીહરિ પોતે જ છે.

૧૯૩. અયોગ્ય ઘાટની નિવૃત્તિનો સરળ ઉપાય કયો છે ?

જ. 'સ્વામિનારાયણ' નામનો ઉચ્ચાર કરવો તે અયોગ્ય ઘાટની નિવૃત્તિનો સરળ ઉપાય છે.

૧૯૪. જીવને સુખિયા થવા માટે કઈ સમજણ જરૂરી છે ?

જ. ભગવાન તથા સંત જેમ કહે તેમ કરવું. આવી સમજણ જરૂરી છે.

૧૯૫. સંતોનું અને હરિભક્તોનું મૂળ કોણ છે ?

જ. સંતોનું મૂળ ભગવાન છે અને હરિભક્તોનું મૂળ સંત છે.

૧૯૬. જીવ માટે ભગવાનના ચરણારવિંદનો શો મહિમા છે ?

જ. જે જીવ ભગવાનના ચરણારવિંદમાં નિમગ્ન રહેતો હોય તે ગમે તેવો જીવ હોય તોપણ તેનો ક્યારેય માયાએ કરીને પરાભવ થાય નહિ.

૧૯૭. શ્રીહરિને કેવા હરિભક્તો ઉપર ઘણો અભાવ રહે છે ?

જ. શ્રીહરિને કામી, ક્રોધી, લોભી અને ઈર્ષાવાળા હરિભક્ત ઉપર ઘણો અભાવ રહે છે.

૧૯૮. જીવને દુ:ખમાં સુખ દેખાય છે તેનાથી તેની કઈ ઉપાધિ ટળતી નથી ?

જ. ત્યાં સુધી જન્મ-મરણ અને જમપુરીની ઉપાધિ ટળતી નથી.

૧૯૯. મોટા સંતો-હરિભક્તોની મોટાઈ શેમાં છે ?

જ. ઐશ્વર્ય પામીને જે છુપાવી રાખવું તે મોટા સંતો-હરિભક્તોની મોટાઈ છે.



૩૩. જેને ભગવાનનાં ભક્તને વિષે દૃઢ આત્મબુદ્ધિ થાય, તેણે જ બધાં સાધન કરતાં અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે.

૩૪. વગર મોતે જેટલા મરે છે, તે બધા વિષયાસક્તિ એ કરીને જ મરે છે.

૩૫. જેની દૃષ્ટિ અલૌકિક થઈ જાય છે; તેને પરમેશ્વર વિના સર્વે પદાર્થ તુચ્છ થઈ જાય છે.

૩૬. ભગવાન સર્વે ક્રિયાને કરે છે તોપણ તે અકર્તા છે, કેમ જે તે તો બ્રહ્મરૂપ રહ્યાં થકાં કરે છે.

૩૭. જ્યારે કોઈને દેશ-કાળ નું વિષમપણું આવે ત્યારે તે ગમે તેવું કપટ રાખે, તોપણ તેનું તે કપટ કળાઈ જાય છે.

૩૮. ભગવાન અને સત્સંગ એ બે અનુપમ અને અલૌકિક માનસરોવર છે.

૩૯. સત્શાસ્ત્રો અને સાચા સંતો એ બે સાચો માર્ગ બતાવે છે. કેમ જે, તે બંને જીવ-પ્રાણીમાત્રનાં સુખને જ ઈચ્છે છે.

૪૦. શ્રીહરિ / ભગવાન નાં સંકલ્પ વિના કોઈ જીવનો ઉદ્ધાર થતો નથી.

૪૧. જે ભગવાનના સંતો છે, તેને તો એક ભગવાન જ નિધિ છે.

૪૨. જે મનુષ્ય અંતરમાં જેટલો ભગવાન નો ડર રાખે છે, તેટલો જ તે સાચા અર્થમાં મનુષ્ય કહેવાય છે.

૪૩. સત્સંગ અને સંતો એ બંનેનો લાભ ચિંતામણિ અને કલ્પવૃક્ષ કરતાં પણ કરોડગણો વધારે છે.

૪૪. પંચવિષય નો અંતરથી અભાવ કરવો, તે સહુથી કઠણ કામ છે.

૪૫. નિયમ વગરની સેવાને શ્રીહરિ તૂટેલા સરોવર જેવી ગણે છે.

૪૬. જીવ અનેક આશા બાંધતો રહે છે છતાં પણ તે વિચાર કરતો નથી ,તેથી તેનું જ નામ મોહ કહેવાય છે.

૪૭. માનવજીવનમાં ધન અને શરીરનો કાંઇ વિશ્વાસ નથી.

૪૮. જેટલી જાતનાં જ્ઞાન છે; તે બધાનું દ્વાર તો એક સત્સંગ છે.

૧૬. કરોડ વર્ષ સુધી ભગવાનનાં ચરિત્રો દેખ્યાં હોય ને વાતો સાંભળી હોય, પણ તેનું મનન અને નિદિધ્યાસ કર્યા વિના તે ક્યારેય સિદ્ધ થાતું નથી.

૧૭. બધાં જ સાધનોમાં શ્રવણ કરવુ તે પ્રથમ સાધન છે.

૧૮. ભગવાનની મૂર્તિ તો નિધિઓમાં પણ સર્વોત્તમ નિધિ છે.

૧૯. માણસને જે વાતનો ખપ હોય તે કરવું કઠણ પડતું નથી.

૨૦. જેટલાં સ્થાવર કે જંગમ શરીર છે તેનું તત્ત્વ જીવ છે.

૨૧. સ્ત્રી અને ધન તે બંને જન્મ-મરણ અને લખચોરાશીનું બીજ ગણાય છે.

૨૨. શ્રીહરિનાં જે જે ચરિત્રો હોય છે, તેને જો કોઇ ભક્ત શ્રદ્ધાભાવથી કાને સાંભળે, તો તેનાં અનંત જન્મોનાં પાપો નાશ થઇ જાય છે.

૨૩. ભગવાન અને જીવ સિવાયના જેટલા પદાર્થ છે; તે બધા માયિક કહેવાય છે.

૨૪. સાચી સમજણ અને મહિમા આ બે ગુણ નિત્યાનંદસ્વામીમાં મોટા હતા.

૨૫. લોભી માણસને તો લોભ જ કીર્તિ જણાય છે.

૨૬. કલ્યાણની ઇચ્છા રાખનારાએ, જે પદાર્થ ભગવાનની સેવા માં કામ ન આવે તેનો તત્કાળ ત્યાગ કરી દેવો.

૨૭. સેવા એ ભાવની કસોટી છે.

૨૮. ભગવાનની મૂર્તિ અને મરજી એક જ છે, એવું ભગવાનનું જ વચન છે.

૨૯. ભૂલોની ઉત્પત્તિનું મૂળ કારણ અહંકાર છે.

૩૦. સ્વામિનારાયણ નામ બોલવું તે જ શ્રેષ્ઠ મુહૂર્ત છે.

૩૧. ભાવ બરાબર કલ્યાણ અને અભાવ બરાબર કઠણાઇ.

૩૨. અંતરના વ્યાધિનું ઔષધ તો સમજણ જ છે.



૨૦૦. જે ભક્ત સર્વે ગુણેયુક્ત હોય પણ તે ભગવાનને નિરાકાર સમજે તો શું હાની થાય ?

જ. ભગવાનને નિરાકાર સમજે તો તેના સર્વે ગુણો દોષરૂપ થઈ જાય છે.

૨૦૧. કેવા હરિભક્તને માન ન આવે ?

જ. જે હરિભક્ત ભગવાનનું અતિશય માહાત્મ્ય સમજતો હોય તેને ક્યારેય માન ન આવે.

૨૦૨. પોતાના દોષ ટાળવાનો સરળ ઉપાય કયો છે ?

જ. પોતાના દોષ છોડાવવા માટે સંતો નિત્યે પાંચ ખાસડાં મારે તોપણ તેને સહન કરવા તે સરળ ઉપાય છે.

૨૦૩. શેના વિના કોઈ પણ સાધન કરવામાં આવે તો તે નિષ્ફળ થઈ જાય છે ?

જ. ધર્મ પાળ્યા વિના જે કોઈ સાધન કરવામાં આવે છે તે બધા નિષ્ફળ થઈ જાય છે.

૨૦૪. કર્મફળપ્રદાતા પરમેશ્વરની કેવી રીત છે ?

જ. મનુષ્ય શુભ કર્મ કરે તેને ભગવાન શુભ ફળ આપે છે અને અશુભ કર્મ કરે છે તેને અશુભ ફળ આપે છે.

૨૦૫. સંતોના સામીપ્યથી હરિભક્તોને શો ફાયદો થાય છે ?

જ. જે હરિભક્તો સંતોની સમીપે જાય છે તેના બધા દુઃખરૂપી રોગ ટળી જાય છે.

૨૦૬. રામપ્રતાપભાઈની કીર્તનભક્તિની શી વિશેષતા છે ?

જ. રામપ્રતાપભાઈ સાથે એક ખંજરી રાખતા અને બહારગામ જવાનું થાય ત્યારે રસ્તામાં ચાલતા ઉત્સાહથી પ્રેમમગ્ન થઈને કીર્તન ગાતા જતા અને ચાલતા ચાલતા બીજું ગામ આવી જતું તોપણ તેમને ખ્યાલ રહેતો નહીં તેવા મગ્ન થઈને કીર્તન ગાતા.

૨૦૭. શ્રીહરિ ઐશ્વર્યનો મહિમા શું સમજાવે છે ?

જ. શ્રીહરિ કહે છે કે, ઐશ્વર્ય તો સાધનની અવધિ છે.

૨૦૮. સંપ્રદાયમાં બે મત ક્યારે પ્રવર્તે છે ?

જ. જ્યારે સંપ્રદાયમાં કોઈ એક નિયંતા ન રહે ત્યારે સંપ્રદાયમાં એક જ મતમાં બે મત થઈ જાય છે.

૨૦૯. શ્રીહરિ વિવેકનો શો મહિમા વર્ણવે છે ?

જ. શ્રીહરિ કહે છે કે, વિવેક વગરની જેટલી વાતો કહેવી કે સાંભળવી તે બધી વૃથા છે. વિવેક છે તે સૂર્ય અથવા તો દર્પણ કહેવાય છે.

૨૧૦. શ્રીહરિએ ઈચ્છારામભાઈને કઈ સુખની ચાવી બતાવી ?

જ. શ્રીહરિએ ઈચ્છારામભાઈને કહ્યું કે, "તમે આ સંતો કહે તેમ કરો. સંતોના વચનમાં જ તમારે સુખ રહ્યું છે."

૨૧૧. માણસને સત્સંગમાં કઈ વાત કઠણ પડતી નથી અને કઈ પડે છે ?

જ. માણસને સત્સંગમાં જે વાતનો ખપ હોય તે કરવું કઠણ પડતું નથી. અને ખપમાં જેટલી ઊણપ હોય છે તેટલું તેને કઠણ પડે છે.

૨૧૨. વેદ અને પુરાણ ભણવાનું ફળ શું છે ?

જ. સત્સંગ કરવો, સત્ય-અસત્ય વાતને ઓળખવી તથા અસત્ય વાતનો ત્યાગ કરવો એ જ વેદો-પુરાણોને ભણવાનુ ફળ છે.

૨૧૩. સત્સંગનો ટુંકામાં ટુંકો સિદ્ધાંત ક્યો છે ?

જ. ભગવાનનું ભજન કરવું અને કુબુદ્ધિનો ત્યાગ કરવો એ સત્સંગનો ટુંકામાં ટુંકો સિદ્ધાંત છે.

૨૧૪. સંપ રહેવાનુ મુખ્ય કારણ કયું છે ?

જ. સંપ રહેવાનું મુખ્ય કારણ ગરજ છે. ગરજ વિના સંપ રહેતો નથી.

૨૧૫. શ્રીહરિના મતે સાચા પથદર્શક કોણ છે ?

જ. શ્રીહરિના મતે સચ્છાસ્ત્ર અને સાચા સંતો એ બે સાચા પથદર્શક છે.

૨૧૬. ભગવાનનું મૂળ કોણ છે ?

જ. ભગવાનનું મૂળ એક ભગવાન પોતે જ છે.



## ❋ ખાલી જગ્યા પૂરો (વિકલ્પો વિના)

૧. ભગવાનની કૃપા સિવાય અનેક જન્મે કરીને પણ <u>નિષ્કામાદિક</u> ગુણ આવતા નથી.

૨. <u>ભગવાન</u> સંબંધી પંચવિષયને જ્યારે સેવે છે ત્યારે ભક્તની બુદ્ધિમાં પ્રકાશ થાય છે.

૩. એક <u>જીહ્વા</u> ઈન્દ્રિયને જો પરિપૂર્ણ રીતે જીતવામાં આવે તો બીજી બધી ઈન્દ્રિયો જીતાઇ જાય છે.

૪. જો ભગવાનનાં <u>ચરણારવિંદ</u> માં નિમગ્ન રહે તો ગમે તેવો જીવ હોય તોપણ તેનો ક્યારેય પરાભવ થાય નહિ.

૫. જેને <u>માન</u> હોય તેને સંતનો અભાવ વારેવારે આવે છે.

૬. વિષયનો અભાવ કરવા માટેનું મુખ્ય સાધન તો <u>પરમેશ્વરનું માહાત્મ્ય</u> છે.

૭. <u>ભગવાન</u> સિવાયની કોઇ વસ્તુ અણુમાત્ર પણ ખાલી નથી.

૮. <u>વિવેક</u> વિના જેટલી વાતો કહેવામાં આવે છે; તે બધી વૃથા થઈ જાય છે.

૯. <u>શ્રીહરિની વાતો</u> બધા સાધનોનો રાજા કહેવાય છે.

૧૦. જે કામ, ક્રોધ, લોભ થી બહાર રહે છે તેને <u>ભગવાન સંબંધી</u> અપાર સુખ પ્રાપ્ત થાય છે.

૧૧. <u>ભગવાનના નિશ્ચય</u> વગરનાં હોય તે તો ફૂટેલા ઘડા જેવા છે.

૧૨. મનુષ્યજાતિમાં <u>સંકલ્પ</u> જ જન્મનું બીજ કહેવાય છે.

૧૩. મોહનો ઉદય થવાનું કારણ <u>પંચવિષયમાં</u> આસક્તિ જ છે.

૧૪. શ્રીહરિ જ્યાં સુધી આ ભૂમિ ઉપર વિચરણ કરતા રહ્યાં, ત્યાં સુધી આકાશનો <u>નિર્લેપતા</u> રૂપી ગુણ ગ્રહણ કરી રાખ્યો હતો.

૧૫. શ્રીહરિનું <u>વચન</u> જ પ્રગટ શ્રીહરિની મૂર્તિ છે.

૧૬૪. ..... માં ક્યારેય સુખ રહ્યું નથી, તેમાં તો નિરંતર દુઃખ જ રહ્યું છે.

જઃ બંધન (અજ્ઞાન, બંધન)

૧૬૫. ..... વખતે જેવો ભાવ હોય; તેવું ધામ ભગવાન શ્રીહરિ તે ભક્તને આપે છે.

જઃ અંતસમય (પરીક્ષા, અંતસમય)

૧૬૬. દેહ, દેહના સંબંધી તથા બીજા જે જે પદાર્થ હોય, તેમાં જીવને જો ..... સ્નેહ હોય, તો કોઈ મોક્ષ પામે નહી.

જઃ આસક્તિરૂપ (આસક્તિરૂપ, સંબંધરૂપ)

૧૬૭. શ્રીહરિ તથા સંતો ..... સમાન છે.

જઃ કલ્પવૃક્ષ (ચિંતામણિ, કલ્પવૃક્ષ)

૧૬૮. જેનામાં ..... નો ગુણ નથી; તેનામાં એકપણ ગુણ આવતાં નથી.

જઃ નમ્રતા (મહિમા, નમ્રતા)

૧૬૯. ..... ના કામમાં આવે એ જ સદ્‌બુદ્ધિ.

જઃ કલ્યાણ (સેવા, કલ્યાણ)

૧૭૦. ..... નો અંતરથી અભાવ કરવો બહુ કઠણ છે.

જઃ પંચવિષય (જગત, પંચવિષય)

૧૭૧. શ્રીહરિ અને સંતમાં .......... તે સર્વે શાસ્ત્રનો સાર છે.

જ. જીવ બાંધવો (પ્રેમ કરવો, જીવ બાંધવો)

૧૭૨. ........ સમાન કોઈ બીજું વર્તન શાસ્ત્રમાં કહ્યું નથી.

જ. નીતિ (ભક્તિ, નીતિ)



૨૧૭. કેવા હરિભક્તોની કીર્તી અપાર વધે છે ?

જ. ધર્મ અને નિયમરૂપી કોટમાં જે લોકો નિવાસ કરીને રહે છે. તેની કીર્તી અપાર વધે છે.

૨૧૮. આ લોક-પરલોકમાં જે કાંઈ સુખ કહેવાય તે કોનું ફળ છે ?

જ. આ લોક-પરલોકમાં જે કાંઈ સુખ કહેવાય છે તે બધું સત્સંગનું જ ફળ છે.

૨૧૯. સર્વોપરી હરિભક્ત કોણ છે ?

જ. કરોડો સાધનો કરીને નિષ્કપટભાવે એક ભગવાનને જ સર્વોપરી જાણે છે તે હરિભક્ત સર્વોપરી છે.

૨૨૦. 'ભાવ'નો મહિમા શ્રીહરિ કેવી રીતે સમજાવે છે ?

જ. શ્રીહરિ કહે છે કે 'ભાવ'નુ મૂળ મહિમા છે. તથા મહિમાનું મૂળ સત્સંગ છે.

૨૨૧. કોને પરમેશ્વરમાં હેત હોતું નથી ?

જ. જેને ધનમાં હેત હોય છે તેને પરમેશ્વરમાં ક્યારેય હેત હોતું નથી.

૨૨૨. શ્રીહરિના મતે સાચા ધનનો શો અર્થ છે ?

જ. શ્રીહરિના મતે સાચા ધનનો અર્થ પરમાર્થે વપરાયેલુ ધન છે.

૨૨૩. શ્રીહરિ સત્યનો મહિમા કેવી રીતે વર્ણવે છે ?

જ. શ્રીહરિ સત્યનો મહિમા સમજાવતા કહે છે, સત્ય વાત વગરના જેટલા મત છે તે બધા મડદાના જેવા દેખાય છે.

૨૨૪. ભગવાનનો સાક્ષાત્કાર કરવાનુ દ્વાર કયુ છે ?

જ. ભગવાનના સાક્ષાત્કાર કરવાનું દ્વાર 'ભાવ' છે.

૨૨૫. સંતોને કયો એક સ્વાર્થ હોય છે ?

જ. સંતોને જીવનો મોક્ષ કરવો એ એક જ સ્વાર્થ હોય છે.

૨૨૬. કેવો સત્સંગ કરવાથી સત્સંગની વૃદ્ધિ થાય છે ?

જ. મનમાં અલૌકિક ભાવ રાખી સત્સંગ કરવાથી સત્સંગની વૃદ્ધિ થાય છે.

૨૨૭. શ્રીહરિ પોતાના સંતોને વિદેહી સંતો શા માટે કહેતા ?

જ. એકવાર શ્રીહરિએ સંતોને તિલક કરવા ખડી માટી આપી પણ સંતો તેને પ્રસાદી સમજી ખાઈ ગયા. તેથી શ્રીહરિ સંતોને વિદેહી કહેતા.

૨૨૮. શ્રીહરિ મુક્તરાજ માણકી ઘોડીનો મહિમા કેવી રીતે વર્ણવે છે ?

જ. શ્રીહરિ કહે છે કે આ દુનિયામાં અપાર અશ્વો છે. તે બધા અશ્વોના અપાર રૂપ, ગુણ અને શીલ છે તે માણકીના એક રૂવાડામાં આવીને રહ્યાં છે.

૨૨૯. પરમેશ્વર કેવી રીતે બધા જીવોની પાસે જ રહેતા હોય છે ?

જ. પરમેશ્વર પોતાની અંતર્યામી શક્તિએ કરીને બધા જીવોની પાસે જ રહેતા હોય છે.

૨૩૦. નંદસંતો જ્યારે પંક્તિમાં જમવા બેસતા ત્યારે કેવી રીતે જમતા ?

જ. જ્યાં સુધી સંતો જમતાં હતા ત્યાં સુધી પરસ્પર બોલતા નહિ અને જમતા જમતા પ્રત્યેક ગ્રાસે ભગવાનનું નામ ઉચ્ચારતા હતા.

૨૩૧. શ્રેષ્ઠ સમજણ કોને કહેવાય ?

જ. શ્રીહરિના ચરિત્રોનું આદરથી શ્રવણ કરવું તે શ્રેષ્ઠ સમજણ છે.

૨૩૨. આ જીવને કુટુંબનો સંબંધ ક્યારે ટળે ?

જ. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ થકી નોખો એવો જે આ દેહને વિશે જીવાત્મા તેને પોતાનું રૂપ જાણીને તેને વિશે ભગવાનની મૂર્તિને ધારીને ને જાતિ, વર્ણ, આશ્રમ તેના માનને મૂકીને કેવળ ભગવાનના સ્મરણને વિશે તત્પર થાય તો કુટુંબીનો સંબંધ ચોખો ટળે.

૨૩૩. સત્સંગમાં સત્સંગીના મનોરથ કેવી રીતે પૂર્ણ થાય છે ?

જ. સત્સંગમાં સત્સંગીના મનોરથ સમજણે કરીને પૂર્ણ થાય છે.

૨૩૪. શ્રીહરિ સંકલ્પને શું કહે છે ?

જ. શ્રીહરિ કહે છે, સંકલ્પ છે તે જન્મ-મરણનું બીજ છે.



૧૫૫. કોઇ પણ નિમિત્તે જ્યારે માણસમાં ..... નિવાસ કરે છે ત્યારે તેને સાચા-ખોટાના વિવેકનો વિચાર રહેતો નથી.

જ: લોભ (અધર્મ, લોભ)

૧૫૬. જેટલી ..... કહેવાય છે, તે ભગવાનને કોઇ દિવસ રૂચતી નથી.

જ: અનીતિ (કુટેવ, અનીતિ)

૧૫૭. નિશ્ચિતપણે કલ્યાણ તો એક ભગવાનના ..... કરીને જ થાય છે.

જ: આશ્રયે (આશ્રયે, જ્ઞાને)

૧૫૮. ..... સૂર્ય સમાન છે અને ..... અપાર અંધારા જેવો છે.

જ: સત્સંગ;કુસંગ (કુસંગ;સત્સંગ, સત્સંગ;કુસંગ)

૧૫૯. ..... ના જોગ સિવાય મનુષ્યને પોતાની કુબુદ્ધિ ઓળખાતી નથી.

જ: સત્સંગ (માયા, સત્સંગ)

૧૬૦. ભગવાને જેટલાં ..... રચ્યાં છે; તે જીવને ભગવાનનો આશ્રય કરાવવા માટે કર્યાં છે.

જ: દુઃખ (સુખ, દુઃખ)

૧૬૧. ..... વગરના હોય તે તો ફૂટેલા ઘડા જેવા છે.

જ: ભગવાનના નિશ્ચય (ભગવાનના નિશ્ચય, ભગવાનમાં હેત)

૧૬૨. વિષયનો અભાવ કરવા માટેનું મુખ્ય સાધન ..... છે.

જ: ભગવદ્‌માહાત્મ્ય(વૈરાગ્ય, ભગવદ્‌માહાત્મ્ય)

૧૬૩. ..... સંબંધી પંચવિષયને જ્યારે સેવે છે ત્યારે ભક્તની બુદ્ધિમાં પ્રકાશ થાય છે.

જ: ભગવાન (ભગવાન,શાસ્ત્ર)

૧૪૭. અજ્ઞાની મનુષ્યનો ..... આવ્યા સિવાય ક્યારેય સત્સંગ ઉપર ભાવ થતો નથી.

જ: અભાવ (દુષ્કૃત્ય જાણ્યામાં, અભાવ)

૧૪૮. સત્સંગરૂપી સાગરમાં જે ..... થી ઝૂલતો રહે છે, તેના જેવો કોઇ બડભાગી નથી.

જ: મહિમાભાવ (ભક્તિભાવ, મહિમાભાવ)

૧૪૯. જેના ઉપર જેને જેવો ભાવ હોય, તે જ્યારે ..... કરે છે ત્યારે દેખાઇ આવે છે.

જ: સન્માન (સન્માન, સેવા)

૧૫૦. જ્યાં સુધી ભગવાન તથા સંતને ..... સોંપી દેતા તથી, ત્યાં સુધી સંસારનું બંધન છૂટતું નથી.

જ: મન (મન,અહં)

૧૫૧. જેને ભગવાન સિવાય બીજે ક્યાંય પ્રેમ ન હોય, તે જ ..... હરિભક્ત કહેવાય છે.

જ: પરિપૂર્ણ (સાચો, પરિપૂર્ણ)

૧૫૨. કોઇ પણ નિમિત્તે જ્યારે માણસમાં ..... નિવાસ કરે છે ત્યારે તેને સાચા-ખોટાના વિવેકનો વિચાર રહેતો નથી.

જ: લોભ (અધર્મ, લોભ)

૧૫૩. ભગવાનના સાચા ભક્તો તો વિષયના સુખને ..... માને છે.

જ: નરક (મળ, નરક)

૧૫૪. જે હરિભક્તને ........નો અભાવ હોય ને ભગવાનને રાજી કરવા માટે જ સર્વ ક્રિયા કરતા હોય; તે ઘરસંસારમાં રહ્યા હોય તોપણ મુક્ત જ છે.

જ: વિષય (વિષય,જગત)



૨૩૫. નિશ્ચય વગરના અને નિશ્ચયવાળા હરિભક્તને શ્રીહરિ કેવા ગણે છે ?

જ. શ્રીહરિ નિશ્ચય વગરના હરિભક્તને ફૂટેલા ઘડા જેવા અને નિશ્ચયવાળા હરિભક્તને અતૂટ ઘડા જેવા ગણે છે.

૨૩૬. નંદસંતોના કીર્તનની શી વિશેષતા છે ?

જ. નંદસંતોના કીર્તન સાંભળવાથી ભગવાનની મૂર્તિ જેવી હોય તેવી સાક્ષાત્ દેખાઈ આવે છે.

૨૩૭. રસિક ભક્તનું શું લક્ષણ છે ?

જ. રસિક ભક્ત હોય તે બીજી બધી વાતોનો ત્યાગ કરીને એક ભગવાનની મૂર્તિનુ જ સ્મરણ કરતો રહે છે.

૨૩૮. શ્રીહરિના મતે સાચો મનુષ્ય અને સામાન્ય માણસમાં શો ફર્ક છે ?

જ. શ્રીહરિના મતે જેને મોક્ષનો ખપ હોય છે તે જ સાચો મનુષ્ય કહેવાય છે. અને જેને મોક્ષનો ખપ નથી તે તો કહેવા પૂરતો જ માણસ છે.

૨૩૯. ભગવાન અને ભક્તોના વચન કેવા છે ?

જ. ભગવાન અને ભગવાનનાં ભક્તોનાં વચન છે તે અપૂર્વ, મોતીના જેવા અનુપમ અને અમૃતરૂપ છે.

૨૪૦. ભગવાનનાં નિશ્ચયમાં કઈ બાબત જરૂરી છે ?

જ. ભગવાનનો નિશ્ચય કર્યો હોય તોપણ અભ્યાસ ન હોય તો ભૂલી જવાય છે.

૨૪૧. સાચુ સર્વોત્તમ સુખ શામાં રહેલું છે ?

જ. સાચુ સર્વોત્તમ સુખ એક ભગવાનની મૂર્તિમાં જ રહેલું છે.

૨૪૨. સત્પુરુષ આપણને શું મેળવી આપે છે ?

જ. સત્પુરુષ આપણે ભગવાન મેળવી આપે છે.

૨૪૩. મનુષ્યની મતિ ક્યારે ઓળખી શકાય છે ?

જ. મનુષ્યની મતિ એનો પ્રસંગ ને સમાસ થાય ત્યારે ઓળખી શકાય છે.

૨૪૪. શ્રીહરિ સાચુ સુખ કોને માને છે ?

જ. એકવાર સુખ આવ્યા પછી ફરીવાર ક્યારેય દુઃખ ન આવે તેવું જે સુખ તેને જ શ્રીહરિ સાચુ સુખ માને છે.

૨૪૫. આ સત્સંગમાં રહી શ્રીહરિએ કેટલી વાતો કરી છે ?

જ. આ સત્સંગમાં રહી શ્રીહરિએ આખું બ્રહ્માંડ ભરાય તેટલી વાતો કરી છે.

૨૪૬. મોહનું રૂપ કેવુ છે ?

જ. મોહનું રૂપ તો મનને વિષે વિભ્રાંતિ-અનિશ્ચિત સ્થિતિ જેવુ થઈ જાય એ જ છે.

૨૪૭. મોહ ઉપજ્યાનું શું કારણ છે ?

જ. પંચવિષય છે એ જ મોહ ઉપજ્યાનું કારણ છે.

૨૪૮. ક્યા સુધી મોહ ટળતો નથી ?

જ. જ્યાં સુધી રમણીય પંચવિષયમાં ચિત્ત લોભાય છે ત્યાં સુધી મોહ ટળતો નથી.

૨૪૯. શ્રીહરિના ચરિત્ર કેવા સુખમય છે ?

જ. શ્રીહરિના ચરિત્ર છે તે દુઃખના બધાં જ મૂળોને કાપી નાંખે છે. અને દુઃખ રહિત સુખ આપે તેવા સુખમય છે.

૨૫૦. બ્રહ્મના ગુણ જીવને વિષે ક્યારે આવે છે ?

જ. જીવ નિરંતર મનન દ્વારા બ્રહ્મનો સંગ કરે ત્યારે બ્રહ્મના ગુણ જીવમાં આવે છે.

૨૫૧. શ્રીહરિ મનુષ્ય ચરિત્ર શા માટે કરે છે ?

જ. શ્રીહરિ મનુષ્ય ચરિત્ર હરિભક્તોના સુખ માટે કરે છે.

૨૫૨. જીવ દેહાદિકરૂપ શા માટે થયો છે ?

જ. જીવને દેહ-ઇન્દ્રિયો અને વિષયનો સંગ વારંવાર થયો છે. એ સંગદોષે કરીને જીવ દેહાદિકરૂપ થઈ ગયો છે.



૧૩૯. શ્રદ્ધાએ ..... અને ઈર્ષ્યાએ ..... વિચારીને જે ભક્તિ કરે છે તે અમને અતિશય ગમે છે.

જ: સહિત;રહિત (સહિત;રહિત, રહિત;સહિત)

૧૪૦. અમૃત જેવી શુભ રીત હોય છે, તેમાં જો ..... ભળે તો તે ઝેર જેવી થઈ જાય છે.

જ: લોભ (લોભ, ઈર્ષા)

૧૪૧. જે જે બાબતનું સુખ હોય છે; તે બધું તેની ..... રીતમાં ચાલવામાં રહ્યું છે.

જ: શુભ (શુભ, સત્ય)

૧૪૨. શ્રીહરિના ચરિત્રની એક દિવસની વાત .......થી કરવામાં આવે તોપણ તે અપારની અપાર જ રહે છે.

જ. સો કરોડ શ્લોક (મહિમા, સો કરોડ શ્લોક)

૧૪૩. જે ભક્તને શ્રીહરિનાં સુખનું યથાર્થ જ્ઞાન થાય છે, તે તો ત્રિલોકીનું રાજ્ય કરતો હોય, તોપણ તેને ..... દેખે છે.

જ: બંધનરૂપ (બંધનરૂપ, નાશવંત)

૧૪૪. માણસ પાસે ગમે તેટલું ધન હોય અને અપાર લશ્કર હોય, તોપણ તે જો ..... પ્રમાણે ન ચાલે; તો તેનું તે ધન અને લશ્કર લગાર પણ કામ લાગતું નથી.

જ: ભગવાનની મરજી (ભગવાનની મરજી, શાસ્ત્ર)

૧૪૫. ભગવાનની દરેક બાબતમાં જીવનાં ..... કાપવા માટેનું જ તાન રહ્યું હોય છે.

જ: ( ભવભટકણ, બંધન)

૧૪૬. કોઈ ..... વિના ચરિત્રોને કહે, તો તે લૂખાં લાગે છે.

જ: હેત (હેત, ભક્તિભાવ)

૧૨૮. ..... વિનાનો ખર્ચ કરે; તેને અપાર દુઃખ આવે છે.

જ: વિચાર્યા (હેતું, વિચાર્યા)

૧૨૯. ભગવાનના એક ..... નું જે સુખ છે, તે સુખ ભગવાને અનંતકોટિ બ્રહ્માંડમાં આપ્યું છે.

જ: રોમ (દિવસ, રોમ)

૧૩૦. જ્યાં સુધી પોતાને ..... માને છે, ત્યાં સુધી તે વિમુખ રહે છે.

જ: ગુણ (ગુણી,જ્ઞાની)

૧૩૧. જે કોઇ પણ બાબત હોય તેનો નિશ્ચય; તેના ..... દ્વારા થાય છે.

જ: ગુણ (યોગ, ગુણ)

૧૩૨. ......વિના હરિભક્તોનો પક્ષ રાખી શકાતો નથી.

જ. ભાવના (શૂરવીરતા, ભાવના)

૧૩૩. ..... માં જેટલી કસર રહે છે, તેટલી મોટપમાં કસર રહે છે.

જ: શ્રદ્ધા (શ્રદ્ધા,દીનતા)

૧૩૪. મનુષ્યદેહને પામીને ..... તે જ મુખ્ય કર્તવ્ય છે.

જ: સત્સંગ કરવો (સત્સંગ કરવો,મોક્ષ પામવો)

૧૩૫. ..... માં રહેવું તે જ રૂડા દેશકાળ છે.

જ: સંતની આજ્ઞા (શાસ્ત્રની આજ્ઞા, સંતની આજ્ઞા)

૧૩૬. જેવી વાત હોય તે બધી ..... રૂપી શ્રોત્રથી જણાઇ આવે છે.

જ: સમજણ (વિવેક, સમજણ)

૧૩૭. ..... ઉપર પ્રેમ-વિશ્વાસનો ભાવ થયા સિવાય, અતિશય મોટા એવા ભગવાનનો નિશ્ચય થતો નથી.

જ: સંતો (શાસ્ત્ર, સંતો)

૧૩૮. જીવમાં જેવો ..... હોય છે, તે તેવો હરિભક્ત થાય છે.

જ: ખપ (ભાવ, ખપ)



૨૫૩. જીવના કલ્યાણની વાત જાણનારાને શ્રીહરિ કેવા ગણે છે ?

જ. કલ્યાણની વાતને જાણનારાને શ્રીહરિ નિપુણ મધ્યે પણ અતિશય નિપુણ જાણે છે.

૨૫૪. જીવ ભગવાનને કેમ ભજી શકતો નથી ?

જ. જીવ ઇન્દ્રિયો-અંતઃકરણને આધીન રહે છે, તેથી તે ભગવાનને ભજી શકતો નથી.

૨૫૫. શ્રીહરિ કેવા હરિભક્તોને અજ્ઞાની અને અંધ કહે છે ?

જ. જ્યાં સુધી ભક્ત પોતાને આવતાં દુઃખોને દેખતો નથી ત્યાં સુધી તે ગમે તેવો બુદ્ધિમાન હોય તોપણ શ્રીહરિ તેને અજ્ઞાની અને અંધ કહે છે.

૨૫૬. બીજાના પ્રતાપ અને શ્રીહરિના પ્રતાપમાં શું ફર્ક છે ?

જ. શ્રીહરિનો પ્રતાપ તો સ્વાધીન હોય છે. અને બીજામાં રહેલો પ્રતાપ તો ઈશ્વરાધીન છે.

૨૫૭. કોઈ જીવ જ્યારે સત્સંગી થાય છે ત્યારે શ્રીહરિ તેને શું વળતર આપે છે ?

જ. જીવ જ્યારે સત્સંગી થાય છે ત્યારે ભગવાન પોતાના પ્રતાપથી તે સત્સંગીની પહેલાના જન્મની સર્વે કસર માફ કરી દે છે.

૨૫૮. સાચી સમજણ આવવાથી ભક્તને શું ફાયદો થાય છે ?

જ. જ્યારે સાચી સમજણ આવે છે ત્યારે ભક્તને અપાર સુખ થાય છે. અને જેટલું દુઃખ કહેવાય છે તે બધું દૂર રહે છે.

૨૫૯. શ્રીહરિની મૂર્તિ અને શ્રીહરિના વચન તે બંને વચ્ચે શું સંબંધ છે ?

જ. શ્રીહરિના મતે જેણે વચન રાખ્યું તેણે મૂર્તિ રાખી છે. કેમકે શ્રીહરિના વચનમાં જ પ્રગટ શ્રીહરિની મૂર્તિ રહી છે.

૨૬૦. પ્રગટ ભગવાનનું જ્ઞાન કોની પાસેથી પ્રાપ્ત થાય છે ?

જ. જેને પ્રત્યક્ષ ભગવાન મળ્યા હોય તેવા સંત પાસેથી પ્રગટ ભગવાનનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

૨૬૧. શ્રીહરિના મતે આત્મદર્શન ક્યારે થાય ?

જ. જીવ જ્યારે મૂર્તિનુ ધ્યાન કરે ત્યારે આત્મદર્શન છે. પરંતુ કેવળ આત્માનો વિચાર સો વર્ષ પર્યંત કરે તોપણ ન થાય.

૨૬૨. ભગવાનના સ્વરૂપમાં મનની અખંડ વૃત્તિ રાખવાના શ્રીહરિ કયા ચાર ઉપાય બતાવે છે.

જ. ૧. ચિત્તનો સ્વભાવ ચોટવાનો હોય ૨. જેના હૈયામાં અતિશય શૂરવીર પણું હોય ૩. ભય ૪. વૈરાગ્ય.

૨૬૩. શ્રીહરિના મતે માયાનુ સ્વરૂપ શું છે ?

જ. ભગવાન વિના બીજે ઠેકાણે જે હેત રહે છે એ જ માયા છે.

૨૬૪. શ્રીહરિનું મન ક્યારે પ્રસન્ન થાય છે ?

જ. જે ખરેખરો ભગવાનનો ભક્ત હોય તેને દેખીને જ શ્રીહરિનુ મન પ્રસન્ન થાય છે.

૨૬૫. શ્રીહરિ પ્રત્યક્ષ ક્યારે દેખાય છે ?

જ. અંતર નિર્મળ થાય ત્યારે શ્રીહરિ પ્રત્યક્ષ દેખાય છે.

૨૬૬. શ્રીહરિની મૂર્તિમાં કેવુ દૈવત રહે છે ?

જ. જ્યાં જેવો ધર્મ રહેતો હોય છે ત્યાં તેવી મૂર્તિમાં ભગવાન પણ તેવા દૈવતવાળા રહે છે.

૨૬૭. કેવી વાતને શ્રીહરિ ઋતુ વગરના માવઠાં જેવી ગણતા હતા ?

જ. હેતુ અથવા નિશાન રાખ્યા સિવાયની વાતને શ્રીહરિ ઋતુ વગરના માવઠાં જેવી ગણતા હતા.

૨૬૮. ભગવાનના દરેક આચરણનો હેતુ શું હોય છે ?

જ. ભગવાનનું દરેક આચરણ લોકોને કાંઈક ને કાંઈક શિક્ષણ આપવા માટે જ હોય છે.



૧૧૮. શ્રીહરિના સંકલ્પ સિવાય જેટલા બીજા સંકલ્પ થતા રહે છે, તેટલા તેના જીવમાં ..... રહ્યા છે.

જ: દોષ (દોષ, પાપ)

૧૧૯. જ્યાં સુધી ..... ના ગુણની સાથે એક થઈને વર્તીએ છીએ ત્યાં સુધી તે આત્માના ગુણોને ભૂલવાડી દે છે.

જ: દેહ (માયા, દેહ)

૧૨૦. ..... મનાય ત્યારે ભાવના દૃઢ થાય.

જ: પોતાપણું (પોતાપણું, સત્યપણું)

૧૨૧. જેને અપાર કીર્તિ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય, તેણે ..... નો સત્કાર કરતા રહેવું જોઈએ.

જ: સત્સંગ (સત્સંગ,સત્ય)

૧૨૨. જે ભક્ત ..... વગરના હોય, તે તો પાણી વિનાના તળાવ જેવા છે.

જ: ભાવ (ભાવ, સંપ)

૧૨૩. ..... ના સંબંધ વિનાનું જ્ઞાન શબ તુલ્ય છે.

જ: ભગવાન (સમજણ, ભગવાન)

૧૨૪. આ સત્સંગમાં કથા-કીર્તન વગેરે જે કાંઈ બાબતો છે; તે તમામ ..... ને પ્રસન્ન કરવા માટે જ છે.

જ: શ્રીહરિ (શ્રીહરિ, શ્રીહરિ અને સંતો-ભક્તો)

૧૨૫. ..... વગરની જેટલી સેવા છે; તે બધી તો જીવ વગરની વસ્તુ જેવી છે.

જ: પ્રેમ (સમર્પણ, પ્રેમ)

૧૨૬. જે મોટપ ..... રહે; તેને જ સાચી મોટપ કહેવાય.

જ: એકસરખી (વધતી, એકસરખી)

૧૨૭. ..... દૃષ્ટિ સત્સંગ કર્યા વિના ક્યારેય પ્રાપ્ત થતી નથી.

જ: જ્ઞાનમય (દિવ્ય, જ્ઞાનમય)

૧૦૯. કુસંગને ..... માનવામાં આવે ત્યારે આ સંસારની ભટકણથી છોડાવનાર એક સત્સંગ જ છે.

જ: શત્રુ (મિત્ર, શત્રુ)

૧૧૦. માણસને પોતાની ખોટ દેખાયા પછી તે ખોટને ટાળવી કે ન ટાળવી, તે તો જેટલો તેને ..... હોય તે પ્રમાણે થાય છે.

જ: ખપ (સત્સંગ, ખપ)

૧૧૧. ..... એ સુગમમાં પણ અતિશય સુગમ છે.

જ: પરમેશ્વરનું ભજન કરવું (પરમેશ્વરનું ભજન કરવું, પરમેશ્વરની સેવા કરવી)

૧૧૨. જ્યારે જીવ .....ચાલે છે ત્યારે તે નિર્ભય માર્ગે ચાલ્યો છે; એમ જાણવું.

જ: મોક્ષમાર્ગે (અનુભવીના માર્ગે, મોક્ષમાર્ગે)

૧૧૩. કોઈ મનુષ્ય જ્યારે ..... ને જ પોતાનો મિત્ર માને છે, ત્યારે તેની કીર્તિ દિવસે દિવસે વધતી રહે છે.

જ: સત્સંગ (જ્ઞાન, સત્સંગ)

૧૧૪. અંતર્યામીપણાના જેટલા ગુણ છે, તે ..... માં દેખાઈ આવે છે.

જ: વર્તન (વર્તન, વાત)

૧૧૫. ભગવાનની વાત, ભગવાન સંબંધી પદ, કવિતા અને શાસ્ત્ર એ સર્વે બાબતો........જ છે.

જ: નિર્ગુણ (દિવ્ય, નિર્ગુણ)

૧૧૬. ..... બુદ્ધિમાં જ સેવાનું ફળ રહ્યું હોય છે.

જ: આસ્તિક (વિવેક, આસ્તિક)

૧૧૭. જેમાં ભગવાન પ્રસન્ન હોય, એવી વાતોનો જે રાત-દિવસ સંગ્રહ કરે છે તેને ..... દેખવા.

જ: મુક્ત (મુમુક્ષુ, મુક્ત)



## ❋ ખાલી જગ્યા પૂરો. (વિકલ્પો સહિત)

૧. ભગવાનને જે ..... સમજે છે તે ભગવાનની માયાને તર્યા કહેવાય.

જ: નિર્દોષ (નિર્લેપ, નિર્દોષ)

૨. દેશ-કાળાદિક જેવા હોય તેવી તેની ..... થાય છે.

જ: મતિ (મતિ, ગતિ)

૩. ..... થી ગુણ પણ દોષરૂપ થઈ જાય છે.

જ: દ્રોહ (અભાવ, દ્રોહ)

૪. જે લોકો ભગવાનમાં દોષ દેખે છે તે લોકો .....વાળા કહેવાય છે.

જ: કુબુદ્ધિ ( દોષ, કુબુદ્ધિ)

૫. મોક્ષનું મૂળ ..... છે.

જ: ભાવ (ભાવ, આજ્ઞા)

૬. જે રાખે ...... નું બંધન, તેને રહે હરિનો સંબંધ.

જ: નિયમ (નિષ્ઠા, નિયમ)

૭. સાચા સત્સંગીને જેમ જેમ દુઃખ આવે છે તેમ તેમ તે .....માં રહે છે.

જ: ખુશ (ખુશ,ભજન)

૮. જેને ભગવાનના પ્રત્યક્ષ સ્વરૂપની દઢ ઉપાસના રહે તેને ભગવાનના સ્વરૂપમાં ..... નો સંશય થાય નહિ.

જ: માયિકપણાનો (સર્વોપરીપણાનો, માયિકપણાનો)

૯. ..... વિના ક્યારેય સિદ્ધિ થાતી નથી.

જ: પ્રત્યક્ષભાવ (પ્રત્યક્ષભાવ, દિવ્યભાવ)

૧૦. ..... વગર નિષ્કામ વ્રત પાળવું ઘણું વિકટ છે.

જ: નિયમ (કૃપા, નિયમ)

૧૧. જે સત્સંગને ..... કહે તે સદા આનંદમાં રહે.

જ: નિર્દોષ (દિવ્ય, નિર્દોષ)

૧૨. ..... આપવાથી વધે છે.

જ: જ્ઞાન (બુદ્ધિ, જ્ઞાન)

૧૩. જેટલી મોટપ કહેવાય છે તે બધી ..... માં રહી છે.

જ: વિવેક (વિવેક,વર્તન)

૧૪. જે જેવું હોય તેને તેવા રૂપમાં સંદેહ રહિત ચોક્કસરૂપમાં જે જાણવું તેનું જ નામ ..... છે.

જ: વિવેક (વિવેક, જ્ઞાન)

૧૫. જેને જેટલો ..... માં રાગ છે તેટલી તેનામાં માણસાઈની કમી છે.

જ: વ્યસન (વિષય, વ્યસન)

૧૬. શરણાગતિ તથા ..... રૂપી સમાધિ શ્રેષ્ઠ છે.

જ: સમજણ (યોગ, સમજણ)

૧૭. ..... સત્સંગનાં સાચા વસ્ત્ર અને ઘરેણાં છે.

જ: ધર્મ-નિયમ (સંતો-ભક્તો, ધર્મ-નિયમ)

૧૮. જેમાં ..... હોય છે તે કરવામાં અપાર રસ-આનંદ આવે છે.

જ: શ્રદ્ધા (શ્રદ્ધા, જ્ઞાન)

૧૯. જ્યારે મનુષ્યની બુદ્ધિ ..... થાય છે, ત્યારે તે બુદ્ધિમાં સત્સંગનાં જેટલાં બીજ હોય છે તે બધાં અંકુરિત થાય છે.

જ: નિર્દોષ (નિર્વાસનિક, નિર્દોષ)

૨૦. જે ..... પ્રીતિ કરે તે સહેજે ભવસાગર તરે.

જ: સંતોમાં (ભક્તોમાં, સંતોમાં)



૯૯. ભગવાનની વાત કરવામાં સર્વોપરી ..... દેખાય ત્યારે તે વાત પથ્થર જેવાને પણ પીગાળી દે છે.

જ: ઉત્સાહ (ઉત્સાહ, લાભ)

૧૦૦. પોતે સહુના શાસક હોવા છતાં સહુને ક્ષમા કરે છે; તે શ્રીહરિની સર્વોપરી ..... છે.

જ: મોટપ (કરૂણા, મોટપ)

૧૦૧. .........અંતરના સિદ્ધાંતને સમજ્યાં વિના માણસને અલ્પબુદ્ધિ કહેવાય છે.

જ: મોટાના (શાસ્ત્રના, મોટાના)

૧૦૨. જેટલી ..... વાત હોય તે શાસ્ત્રનું તત્ત્વ કહેવાય છે.

જ: નિર્દોષ (નિર્દોષ, જ્ઞાનની)

૧૦૩. જે કોઈ પણ મનુષ્યમાં ..... ધર્મ જેવો હોવો જોઈએ તેવો જ વર્તતો હોય, તો તે તેટલો સાચો મનુષ્ય કહેવાય છે.

જ: નિષ્કામરૂપ (પરમાર્થ, નિષ્કામરૂપ)

૧૦૪. જે ..... કરે છે; તેને જ કાળ બચાવે છે.

જ: ભગવાનનું ભજન (સંતો-ભક્તોની સેવા, ભગવાનનું ભજન)

૧૦૫. જે માણસ જેટલું ..... રાખે છે; તેટલો તેને તે પોતેજ સત્સંગથી દૂર ફેંકી દે છે.

જ: માન (દેહભાન, માન)

૧૦૬. ..... હોય એટલું જ સારું બોલાય.

જ: ભાવ (ભાવ, ગુણ)

૧૦૭. સાધનમાત્રનું ફળ ..... મળે એ જ છે.

જ: સત્સંગ (ભગવાન, સત્સંગ)

૧૦૮. ગીતામાં કામ, ક્રોધ અને ..... એ ત્રણ દોષોને નરકનું દ્વાર કહ્યા છે.

જ: લોભ (લોભ, મદ)

૯૦. જેને મંદિર તથા સંતોની ..... કરવામાં પ્યાર હોય છે, તેટલું તેમને આ લોક કે પરલોકમાં અપાર સુખ મળે છે.

જ: સેવા (કથા, સેવા)

૯૧. નંદરામજી, મંછરામ, ગોપાળજી અને સુફળ આ બધા ..... ભાવવાળા હતા.

જ: નિષ્કામ (નિષ્કામ,દિવ્ય)

૯૨. કોઈક વઢીને કહે ત્યારે જે સામેથી અપાર ..... લે ત્યારે તેને ચોક્કસ સમજુ કહેવાય છે.

જ: ગુણ (મહિમા, ગુણ)

૯૩. પોતાનો ..... ન સૂઝે એ જ મોહનું રૂપ છે.

જ: અવગુણ (મહિમા, અવગુણ)

૯૪. જેને ..... સમજાણી, તેને વિષય ન શકે તાણી.

જ: હરિમૂર્તિ (માયા, હરિમૂર્તિ)

૯૫. મનુષ્યને જ્યારે પાકો સત્સંગ થાય છે ત્યારે ભગવાનના સંબંધ સિવાયની બીજી જે જે બાબતો છે; તે ..... રૂપ દેખાય છે.

જ: બંધન (બંધન, દોષ)

૯૬. ચિંતામણિ, કલ્પવૃક્ષ અને અમૃત કરતાં પણ કરોડગણો અધિક શ્રેષ્ઠ ..... છે.

જ: અલૌકિકભાવ (અલૌકિકભાવ, સત્સંગ)

૯૭. જે જીવ સંસારમાં ભટકતા હોય, તેને તે ભટકણ ..... છોડાવે છે.

જ: અમાયિક વાત (ભગવાન, અમાયિક વાત)

૯૮. ભગવાન સિવાયની જેટલી વાત છે; તે બધી વાત તો ધૂળ જેવી તુચ્છ છે અને ..... છે.

જ: નાશવંત (દુખરૂપ, નાશવંત)



૨૧. નીતિ, કાયદો અને ..... - આ ત્રણ મોટી પદવીનું દ્વાર છે.

જ: વિદ્યા (વિવેક, વિદ્યા)

૨૨. હરિભક્તો જેટલાં સાધન કરે છે, તે મનમાં વિષયસુખની ..... થાય તેટલા માટે જ કરે છે.

જ: અરૂચિ (પ્રાપ્તિ, અરૂચિ)

૨૩. કુબુદ્ધિ અને ..... નો ત્યાગ કર્યા સિવાય સત્સંગમાં પ્રેમ થતો નથી.

જ: મોહ (મદ, મોહ)

૨૪. શ્રીહરિ પોતે સદાને માટે......રૂપ છે માટે તેમનો સંકલ્પ ક્યારેય ફરતો નથી.

જ. સત્ય (સત્ય, જ્ઞાન)

૨૫. ..... ની ભગવાન ક્યારેય સહાય કરતાં નથી.

જ: કુસંગી (ફેલી, કુસંગી)

૨૬. જે ..... વર્તે છે, તે સૌથી મોટા છે.

જ: ગર્વરહિત (નિષ્કપટ, ગર્વરહિત)

૨૭. ..... વગરની સેવા તૂટેલા સરોવર જેવી કહેવાય છે.

જ: નિયમ (નિયમ, શ્રદ્ધા)

૨૮. સત્સંગની જેટલી વાત છે તે બધી ..... સુખ અપાવનારી છે.

જ: અવિનાશી (મોક્ષન,અવિનાશી)

૨૯. ..... રહિત ભક્તિ ક્યારેય મોક્ષ કરતી નથી.

જ: ધર્મ (જ્ઞાન, ધર્મ)

૩૦. ..... જોઈને કોઈ યોગ્ય સેવા કરે તો તેને સુખ અને રાજીપારૂપી મેવા-મીઠાઈ મળે છે.

જ: તક (આજ્ઞા,તક)

૩૧. વિષયના યોગરૂપી રોગ, ..... રૂપી ઔષધથી ટળી જાય છે.

જ: હરિચરિત્ર (સમજણ, હરિચરિત્ર)

૩૨. પ્રભુની ..... વિનાનું બધું જ વર્તન અધર્મ છે.

જ: મરજી (મરજી, કૃપા)

૩૩. ..... સત્સંગનું શ્રેષ્ઠ ભૂષણ અને મોક્ષનું દ્વાર છે.

જ: સંતો (શાસ્ત્ર, સંતો)

૩૪. જે કોઈ સંતોના ..... જુએ છે તેનું જેટલું પુણ્ય હોય તે તત્કાળ નાશ પામે છે.

જ: દોષ (ગુણ, દોષ)

૩૫. ..... હોય તે જ ખરો ધનવાન છે.

જ: પરમાર્થી (પરમાર્થી, કૃતઘ્ની)

૩૬. જ્યાં સુધી પોતાનામાં ..... માને છે ત્યાં સુધી તે સત્સંગમાં ચોક્કસ નભે છે.

જ: દોષ (ભૂલ, દોષ)

૩૭. પ્રેમનું કારણ ..... છે.

જ: ગુણ (ગુણ, સંબંધ)

૩૮. ..... વિના તો કોઈના મનોરથ પૂરા થતા નથી.

જ: સમજણ (ભક્તિ, સમજણ)

૩૯. ભગવાનના સંબંધની દઢતામાં જેને.... ન હોય, તે તેટલો શુદ્ધ સત્સંગ કરે છે.

જ: દંભ (મોહ, દંભ)

૪૦. જ્યાં સુધી ભક્ત ..... માં વર્તે છે, ત્યાં સુધી તેને દુઃખ આવતું નથી.

જ: વચન (વચન, આજ્ઞા)



૮૦. જેને ભગવાનનાં ..... સ્વરૂપની દઢ ઉપાસના રહે તેને ભગવાનનાં સ્વરૂપમાં કોઈ દિવસ માયિકપણાનો સંશય થાય નહિ.

જ: પ્રત્યક્ષ (પ્રત્યક્ષ, પ્રગટ)

૮૧. જેટલી કાંઇ ..... બાબતો છે, તે બધાનું બીજ કુસંગ છે.

જ: અહિતકારી (દોષ યુક્ત, અહિતકારી)

૮૨. ઇન્દ્રિયો ..... ને આધીન રહે છે તેથી ભગવાનને ભજતા નથી.

જ: અંતઃકરણ (દેહ, અંતઃકરણ)

૮૩. ભગવાન વિના બીજે ઠેકાણે જેટલું હેત રહે છે; તે જ ..... છે.

જ: માયા (માયા, અજ્ઞાન)

૮૪. જેને ..... રૂપી નેત્ર હોય છે, તેને સત્સંગરૂપી સૂર્યે કરીને જે માણસ જેવા પ્રકારનો હોય; તે દેખાય આવે છે.

જ: વિવેક (જ્ઞાન, વિવેક)

૮૫. જેની ..... સમજણ છે; તેને માટે તો આ સત્સંગ પણ કુસંગ જ છે.

જ: લૌકિક (લૌકિક, મૂઢપણે)

૮૬. જે લોકો પદાર્થો મળ્યાં પછી તેના દ્વારા ..... કરે છે, તે તેટલા સદ્‌બુદ્ધિવાળા છે.

જ: ધર્મકાર્ય (ધર્મકાર્ય,સત્કાર્ય)

૮૭. આ જીંદગીનો કાંઇ ..... નથી, એવો જેને વિચાર રહે છે તેને ભગવાનને નિમિત્તે ખર્ચ કરવામાં અતિશય ઉત્સાહ રહે છે.

જ: નિર્ધાર (ભરોસો, નિર્ધાર)

૮૮. મનુષ્યદેહને પામીને જે ..... સુખને ચાહે છે, તેને જ મનુષ્ય કહેવાય છે.

જ: શાશ્વત (શાશ્વત, અનંત)

૮૯. જીવ જ્યારે ..... નાં ચીંધેલા માર્ગે ચાલે છે, ત્યારે જ તેનો ઉદ્ધાર થાય છે.

જ: સત્પુરુષ (શાસ્ત્ર, સત્પુરુષ)

૭૧. પ્રેમનું કારણ ..... છે.

જ: ગુણ (ભાવ, ગુણ)

૭૨. જેનો જેટલો ..... સ્વભાવ હોય તેટલો તે ભક્તજન કહેવાય છે.

જ: સરળ (સરળ, સંયમી)

૭૩. જે ધ્યાન, ધારણા અને સમાધિરૂપ સાધનો છે; તે તો ..... આગળ ચાકર થઈને વર્તે છે.

જ: ભગવાનની વાત (ભગવાનની વાત, ભગવાનના ધ્યાન)

૭૪. જીવને જ્યારે બધા દોષો ..... જેવા દેખાય છે, ત્યારે જ તેમનો અભાવ આવે છે.

જ: ઝેર (પાપના પહાડ, ઝેર)

૭૫. જેટલો કુસંગ છે તે ..... નો માર્ગ છે.

જ: અપકીર્તિ (નરક, અપકીર્તિ)

૭૬. ..... ના જ્ઞાન વિના જેનાં જેટલાં સાધન હોય; તે બધાં તેને બંધનરૂપ થાય છે.

જ: પ્રગટ શ્રીહરિ (મોક્ષ, પ્રગટ શ્રીહરિ)

૭૭. ભગવાન કે ભગવાનના અપૂર્વ ભક્તોનાં ..... તો મોતી જેવા અનુપમ અને અમૃતરૂપ કહ્યાં છે.

જ: વચનો (વચનો, ચરિત્રો)

૭૮. ભગવાન અને ભગવાનનાં સંતની આગળ જેટલું ..... વર્તાય તેટલી તેમાં મોટાઈ રહે છે.

જ: નિર્માનીપણે (નિર્દોષપણે, નિર્માનીપણે)

૭૯. જીવનાં કલ્યાણનું કારણ તો ..... છે.

જ: ભગવાનની ભક્તિ (ભગવાનની ભક્તિ, ભગવાનનો ખપ)



૪૧. ..... બાબતનાં જે ગુરુ છે તે બધા ગુરુઓના પણ ગુરુ છે.

જ: મોક્ષ (મોક્ષ, જ્ઞાન)

૪૨. જીવ જ્યારે ..... રૂપે રહે ત્યારે જ તે અમાપ સુખી રહે છે.

જ: આત્મસત્તા (આત્મસત્તા, પરસત્તા)

૪૩. ..... તે બ્રહ્માંડને બાથ ભર્યા જેવું કામ છે.

જ: શ્રીહરિની સેવા કરવી (શ્રીહરિની સેવા કરવી, શ્રીહરિના નિયમ પાળવા )

૪૪. જેને .... નો નિશ્ચય થાય છે તેના ગુણ સહુ ગાય છે.

જ: પ્રગટ (સંતોનો, પ્રગટ)

૪૫. ..... રૂપી સૂર્ય એવો છે કે, જેની જેવી ઉત્પત્તિ હોય તેને પ્રગટ કરીને પ્રત્યક્ષ દેખાડે છે.

જ: શાસ્ત્ર (સમજણ, શાસ્ત્ર)

૪૬. ..... જાણ્યા વિના કાંઇ મોટાઇ દેખાતી નથી.

જ: મહિમા (પરચો, મહિમા)

૪૭. ..... ના ગ્રંથની તુલનામાં બીજા કોઇ ગ્રંથ થતા નથી.

જ: પ્રગટ (વ્યાસ, પ્રગટ)

૪૮. ..... ના યોગ વિના કરોડો કલ્પ જાય, તોપણ અસત્યને માનનારા લોકોનો મોક્ષ થતો નથી.

જ: સંતપુરુષ (સંતપુરુષ, શાસ્ત્ર)

૪૯. સત્સંગના સંબંધથી જેટલું હેત થાય છે તે બધું ..... હેત કહેવાય છે.

જ: અલૌકિક (મોક્ષનું, અલૌકિક)

૫૦. જ્યારે ગ્રંથ રચનારાને ..... સમજવામાં આવે, ત્યારે તે ગ્રંથકર્તાના ગુણ વક્તામાં આવ્યાં વિના રહેતા નથી.

જ: નિર્દોષ (મહાન, નિર્દોષ)

૫૧. જે ભગવાનના વચનમાં જેટલા બંધાઈને રહે છે, તે તેટલા ..... રહે છે.

જ: નિર્બંધ (નિર્દોષ, નિર્બંધ)

૫૨. ..... ના સંબંધ વિનાનું કરોડો સાગર જેટલું વિશાળ જ્ઞાન હોય, તોપણ તે બધું જ્ઞાન ખારા સમુદ્ર જેવું વ્યર્થ છે.

જ: ભગવાન (શાસ્ત્ર, ભગવાન)

૫૩. એક ઠેકાણે રહ્યાં થકા જે, અનંત ઠેકાણે દેખાવું; એ જ ભગવાનની ..... એ કરીને વ્યાપકપણું છે.

જ: યોગકળા (સાંખ્યકળા, યોગકળા)

૫૪. સંતોમાંથી ..... ગ્રહણ કરવાનો જેનો સ્વભાવ હોય; તેનો દિવસે દિવસે સત્સંગમાં પાયો દઢ થાય છે.

જ: ગુણ (ગુણ, સારું)

૫૫. ભક્ત જ્યારે ..... સંબંધી પંચવિષયને ભોગવવા ચાહે છે ત્યારે તેની બુદ્ધિમાં અંધકાર વ્યાપી જાય છે.

જ: જગત (જગત, ભગવાન)

૫૬. ભગવાનનું સ્વરૂપ સદા ..... છે.

જ: દ્વિભુજ (ચતુર્ભુજ, દ્વિભુજ)

૫૭. જેવા ..... થી કર્મ કરે, તેવો વૃત્તિમાં વેગ આવે છે.

જ: ભાવ (હેતુ, ભાવ)

૫૮. ..... પાળ્યા વિના જે જે સાધન કરવામાં આવે, તે બધાં નિષ્ફળ થઇ જાય છે.

જ: ધર્મ (ધર્મ, નિષ્કામધર્મ)

૫૯. જેટલા અયોગ્ય ..... છે તે જો સત્સંગ કરવા છતાં ટળતા નથી તો તેને તેટલી સત્સંગ કરવામાં કસર રહી ગઇ છે.

જ: સ્વભાવ (સંબંધ, સ્વભાવ)



૬૦. ..... એ મુમુક્ષુની સાચી માતા સમાન છે.

જ: સંત (સંત, સત્શાસ્ત્ર)

૬૧. જો હોય શુભ ....., તો રહે પ્રભુમાં પ્રીતિ.

જ: નીતિ (મતિ, નીતિ)

૬૨. ..... જાય પછી જ સારા કામ થાય.

જ: લોભ (મમત્ત્વ, લોભ)

૬૩. ..... કર્યા સિવાય જન્મ-મરણ ટળતાં નથી.

જ: સત્સંગ (સત્સંગ, ભજન)

૬૪. જ્યારે માણસ ..... થઈને સત્સંગ કરે છે, ત્યારે તેની બુદ્ધિ શુદ્ધ થાય છે.

જ: નિષ્કપટ (નિર્માની, નિષ્કપટ)

૬૫. ..... વિના સંપ રહેતો નથી.

જ: ગરજ (ગરજ,ભય)

૬૬. જેટલું ..... વર્તન હોય; તેટલો તે મત સત્ય કહેવાય છે.

જ: શુદ્ધ (ધર્મ યુક્ત, શુદ્ધ)

૬૭. ભગવાનનો સાક્ષાત્કાર કરવાનું દ્વાર તો ..... છે.

જ: ભાવ (ભાવ,કૃપા)

૬૮. બ્રહ્માદિક મોટા મોટા દેવતાઓ પણ .....ને પૂજ્ય ગણે છે.

જ. સત્સંગ (હરિભક્તોને,સત્સંગ)

૬૯. જે રાખે સ્ત્રી-ધનનો સંબંધ, તેને જરૂર થાય .....

જ: બંધન (ખુવારી, બંધન)

૭૦. ..... વગરની વાત મીઠા વગરના શાક જેવી છે.

જ: પ્રેમ (પ્રેમ, મહિમા)